**DATE: 18/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-01**

### નવા બોરભાઠા, નવા છાપરા, અંદાડામાં આશ્રય અપાયો

# અંકલેશ્વર તા.માં પૂરથી પ્રભાવિત ૧૨૦૦થી વધુ લોકોનું સ્થળાંતર

## ધારાસભ્યે આશ્રયસ્થાનોની મુલાકાત લઇ પેકેટનું વિતરણ કર્યું

। અંકલેશ્વર ।

ભરૂચ ગોલ્ડન બ્રિજની નર્મદા ની જળ સપાટી હાલ ૩૬ ફૂટે વહી રહી છે ત્યારે અંકલેશ્વર તાલુકાનાં ૧૩ ગામોને તંત્ર દ્વારા હાઈએલર્ટ કરવામાં આવ્યા હતા. અને ૧૨૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલે આશ્ચય સ્થાનોની મુલાકાત લઈ ભોજનના પેકેટનું વિતરણ કર્યું હતું. ભરૂચ ગોલ્ડન બ્રિજ દક્ષિણ છેડે જળસપાટી ૩૬ ફૂટ ઉપર પહોંચતા અંકલેશ્વર તાલુકા ના કાંઠા વિસ્તાર ના ૧૩ ગામો ને એલર્ટ કરવામાં આવતા તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામના લોકો ને જલારામ મંદિર, નવા બોરભાઠા, નવા છાપરા, અંદાડા સહિતના ગામોમાં રિલીફકેમ્પ શરુ કરી ૧૨૦૦થી વધુ અસરગ્રસ્તોને ખસેડવામાં આવ્યા છે. આ રિલીફ કેમ્પોમાં તંત્ર દ્વારા જમવા સહીતની સુવિધાઓ આપી છે. સાથે આરોગ્ય વિભાગ દ્વારા આવી છે ત્યારે અંકલેશ્વર ના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલે રિલીફ કેમ્પની મુલાકાત લઈ સુવિધાઓ નું નિરીક્ષણ કર્યું હતું. સાથે ઉપસ્થિત તાલુકા આરોગ્ય અધિકારી ડોક્ટર સુશાંત કઠોરવાલા સાથે આરોગ્ય ચકાસણી અંગે ચર્ચા કરી હતી.

### ૬થી વધુ ગામના લોકોનું સ્થળાંતર

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકાના સરફુદ્દીન, ખાલપિયા, ધંતુરિયા, કોયલી બેટ, બોરભાઠા બેટ, જૂના બોરભાઠા ગામ સહિતના વિસ્તારોમાંથી વહીવટી તંત્ર તેમજ પોલીસ તંત્ર દ્વારા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર DYSP ચિરાગ દેસાઈ સહિતના અધિકારીઓ દ્વારા લોકોને સમજાવી સ્થળાંતર માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

**DATE: 18/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-01**

### અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત સ્થળે ખસેડયા

# પૂરના કારણે અંકલેશ્વરના ૩ ગામ સંપર્ક વિહોણા બન્યા



। અંકલેશ્વર ।

નર્મદા નદીના પૂરના કારણે અંકલેશ્વરના ૩ ગામ બન્યા સંપર્ક વિહોણા.તંત્ર આવ્યુ મદદે અંકલેશ્વર નર્મદા નદીમાં પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયુ છે ત્યારે અંકલેશ્વર તાલુકાના છાપરા,નવા કાસીયા,જુના કાસીયા સહિતના ગામ સંપર્ક વિહોણા બન્યા છે નર્મદા નદીમાં પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયુ છે ત્યારે અંકલેશ્વર તાલુકાના છાપરા,નવા કાસીયા,જુના કાસીયા સહિતના ગામ સંપર્ક વિહોણા બન્યા છે.

સરદાર સરોવર નર્મદા ડેમમાંથી વિપુલ માત્રામાં પાણી છોડવામાં આવતા ભરૂચ નજીક નર્મદા નદી ગાંડીતુર બની છે. નર્મદા નદીના પાણી આસપાસના કાંઠા વિસ્તારના ગામોમાં ફરી વળ્યા છે ત્યારે અંકલેશ્વરના છાપરા,નવા કાસીયા,જુના કાસીયા સહિતના ગામ સંપર્ક વિહોણા બન્યા છે. છાપરાથી નેશનલ હાઈવેને જોડતા માર્ગ પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. આ માર્ગ પર બે લોકો ફસાય જતા તંત્ર દ્વારા તેમનુ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તંત્રના અધિકારીઓએ અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડયા હતા.

### આરોગ્ય વિભાગની ટીમો તૈનાત કરી સ્વાસ્થ્યની ચકાસણી

# ભરૂચ જિલ્લામાં અસરગ્રસ્તો માટે 22 આશ્રયસ્થાનો કાર્યરત કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ જિલ્લાને નર્મદા નદીમાં આવેલાં ઘોડાપુરે ધમરોળી નાંખ્યો છે ત્યારે 2 હજાર કરતાં વધારે લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યાં છે. પૂર અસરગ્રસ્ત ગામડાંઓના લોકોને 22 જેટલા આશ્રયસ્થાનોમાં આશરો અપાયો હતો.

નર્મદા ડેમમાંથી 19 લાખ ક્યુસેક પાણી છોડવાને પગલે ભરૂચ જિલ્લાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર તુષાર સુમેરાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. તે સાથે જ અસરગ્રસ્ત ગામડાંઓમાં પહોંચી જઈ નાગરિકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી મોડી રાત સુધી કરી હતી. ત્યારબાદ આજે સવારથી આરોગ્ય વિભાગ પણ કામે લાગી જતાં જિલ્લાના 22 જેટલા શેલ્ટર હોમમાં લોકોની મેડિકલ તપાસ કરીને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવાની કામગીરી ચાલી રહી છે. વધુમાં પૂર અસરગ્રસ્ત ગામડાંઓમાં પણ આરોગ્ય વિભાગની ટીમ લોકોની મેડિકલ તપાસ હાથ ધરી ખડેપગે કામ કરી રહી છે. ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ પણ વિવિધ આશ્રયસ્થાનોની મુલાકાત લઈ લોકોના ખબરઅંતર પૂછ્યાં હતાં.

**DATE: 18/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પૂરના પાણી ફરી વળે તે પહેલાં લોકોને સલામત સ્થળોએ ખસેડી લેવાયાં

# ઝઘડિયા તાલુકાના મોટાસાંજા, પોરા સહિતના 6 ગામ સંપર્ક વિહોણા બન્યાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

નર્મદા નદીમાં આવેલાં વિનાશક પુરે ઝઘડિયા તાલુકામાં ભારે તબાહી મચાવી છે. જૂના પોરા, ઓર, પટાર, જૂની તરસાલી, જૂના પોરા અને જૂના ટોઠિદરા ગામમાં પુરના પાણી ફરી વળતાં હજારો લોકોને સલામત સ્થળે ખસેડાયાં છે. નર્મદા નદીથી 4 કિમીના વિસ્તારમાં આવેલાં ગામડાઓ સુધી પુરના પાણી ફરી વળ્યાં હતાં.

ઝઘડિયા તાલુકાના ઓરપટાર, જુની તરસાલી, જુના ટોઠિદરા, પોરા, જુની જરસાડ, જેવા કાંઠા વિસ્તારના ગામોમાં નર્મદાના ધસમસતા પાણી ફરી વળ્યાં હતાં. પુરમાં ફસાયેલ લોકોને નાવડીઓમાં લઈ જઈને સ્થળાંતર કરાવાયું હતું. મોટા સાંજા સહિતના કાંઠા વિસ્તારના ગામોમાં ઢોર ઢાંખર સહિત લોકોને સલામત સ્થળોએ આશરો આપવામાં આવ્યો હતો. પોરા ગામ તો આખું પાણીમાં ગરકાવ થઈ ગયું હતું . ભાલોદ, નવી તરસાલી, નવા ટોઠિદરા, અવિધા જેવા ગામોએ રાહત કેમ્પો ઉભા કરીને ત્યાં આશરો આપવામાં આવ્યો હતો.

રવિવારે દિવસ દરમિયાન નર્મદામાં પુર અને ધોધમાર વરસાદના કારણે જન જીવન પ્રભાવિત થઈ ગયું હતું. નર્મદા નદીથી ચાર કિમીના વિસ્તારમાં આવેલાં લીમોદરા સહિતના ગામોમાં પણ પુરના પાણી ફરી વળ્યાં હતાં. ખેતરોમાં પુરના પાણી ભરાઈ જતાં ખેડૂતો ચિંતાતુર બની ગયાં છે. ઝઘડિયા રાજપારડી અને ઉમલ્લાના બજારો વરસાદને લઈને સુમસામ જણાતા હતા. તાલુકામાંથી પસાર થતો ધોરીમાર્ગ પણ સુનો જોવા મળ્યો હતો.

## મઢી આશ્રમમાં 40 થી વધુ સાધુ ફસાયાં

ઝઘડિયા તાલુકાના મઢી આશ્રમ ખાતે અખંડ રામધુન ચાલતી આવી છે અને આ આશ્રમમાં હાલ 40 જેટલા સાધુ નિવાસ કરી રહયાં છે. નર્મદા નદીમાં આવેલાં પુરના કારણે તંત્રએ કાંઠા વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. જગદીશાનંદ મહારાજ સહિતના સાધુઓએ સલામત સ્થળે ખસવાના બદલે આશ્રમમાં જ રહેવાની જીદ પકડતાં અધિકારીઓ પણ વિમાસણમાં મુકાયાં હતાં. આખરે સ્થાનિકોએ નાવડીમાં આશ્રમ સુધી ભોજન સહિતની વસ્તુઓ પહોંચાડી હતી.

## બ્રિજ બંધ કરાયો છતાં ભરૂચ લાવ્યા

# સર્પે દંશ દેતાં યુવાન ગંભીર, પોલીસ જાતે જ મદદે આવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જંબુસર સીપીઆઇ એચ.વી રાઠોડ નર્મદા મૈયા બ્રિજ પાસેના વિસ્તારમાં પાણી ભરાવાના કારણે નર્મદા મૈયા બ્રિજ ઉપર બંદોબસ્તમાં હતાં.

તે દરમિયાન જૂના બોરભાઠા પાસે રાહુલ પટેલ નામના ઈસમ ને સર્પ એ ડંખ માર્યો હતો. જે જીવન મરણ વચ્ચે મદદ થી સહાય ની રાહ જોઈ રહ્યો હતો નર્મદા મૈયા બ્રિજ ના માર્ગ પર પાણી ફરી વળતા જ્યાં એક તરફ માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. ત્યાં યુવાનને સારવાર અર્થે કેવી રીતે ખસેડવું તેવા સવાલ ઉભા થયા હતા. યુવાનને સર્પ દંશની જાણ જંબુસરના સી.પી.આઈ એચ.વી રાઠોડ થતા તેઓ તાત્કાલિક યુવાનની મદદે આવી પોતાની પોલીસ જીપમાં યુવાન ને બેસાડીને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં યુવાનને સમયસર સારવાર મળી જતા યુવાન હાલ સારવાર હેઠળ છે. પોલીસ દ્વારા યુવાન માટે સંકટમોચક બની તેના તારણ હાર બની માનવીય અભિગમ દાખવ્યો હતો.

## ૪૦ પૈકી ૬ નાવડીઓ મહીસાગરના પ્રવાહમાં તણાઈ



# જંબુસર તા.ના કારેલી ગામે કાંઠાના ખેતરોમાં મહીનાં પાણી ફરી વળ્યાં

## ગામના ખેતરોમાં પૂરના પાણી ફરી વળતા ઊભા મોલનો નાશ થયો

| જંબુસર |

જંબુસર તાલુકાના કારેલી ગામ નજીકથી પસાર થતી મહીસાગર નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા કાંઠાના ખેતરોમા નદીના પાણી ફરી વળતા ખેતરોના ઉભા મોલ ને નુકશાન સાથે કિનારે લાંગરેલી ૪૦ નાવડીઓ પૈકી ૬ નાવડીઓ મહીસાગરમા તણાઈ ગઈ છે.

ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદના પગલે મહીસાગરમા પાણી છોડાતા નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. કારેલી ગામના ખેતરોમાં પૂરના પાણી ફરી વળતા ખેતરમા રહેલ ઉભો મોલનો નાશ થયો હતો.

બીજી તરફ માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલ ગ્રામજનોની ૪૦ જેટલી નાવડી ઓ નદી કાંઠે લાંગરેલ હતી. તે પૈકી ૬ નાવડીઓ મહીસાગર નદીના ધસમસતા નીરમા તણાઈ જતા માછીમારના વ્યવસાય સાથે સંકળાયેલ લોકોને નુકસાન સહન કરવાનો વખત આવ્યો હતો. આઠ વર્ષ બાદ નદી બે કાંઠે થતા અને મહીસાગરના રોદ્ર સ્વરૂપને નિહાળવા ગ્રામજનો નદી કાંઠે મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. વેડચવી પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.એ.તુવર ધ્વારા નદી કાંઠે પોલીસ બંદોબસ્ત ગોઠવવામા આવેલ છે.

### એનડીઆરએફની ટીમે 20થી વધારે લોકોને સલામત સ્થળે ખસેડયાં

# ભરૂચના નિકોરામાં પૂરના પાણીમાં ફસાયેલા બિમાર વ્યક્તિનું રેસ્ક્યૂ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

નર્મદા નદીમાં આવેલાં ઘોડાપૂરના કારણે ભરૂચ જિલ્લાના પાંચ તાલુકાના કાંઠાના ગામો પ્રભાવિત થયા છે. નર્મદા નદીમાંછોડવામાં આવેલા પાણીને કારણે ભરૂચ તાલુકાના નિકોરા સહિતના ગામમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. નિકોરા ગામથી સામે કઠિ રહેતા પથારીવશ બિમાર વ્યક્તિને ખાટલા સાથે ધસમસતા પાણીના પ્રવાહમાં સામે કઠિથી લાવી રેસ્કયુ કરવામાં આવ્યું હતું. સ્થાનિકવહિવટી તંત્ર, પોલીસ અને ગ્રામજનોના સહયોગથી નિકોરામાં NDRF ટીમ દ્વારા ધસમસતા નર્મદાના નિરના પ્રવાહમાં નિકોરાગામના 20 વધુ નાગરિકોને રેસ્કયું કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.



**DATE: 20/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વર નજીક હાઈવે પર કારમાં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા.૧૯

અંકલેશ્વર-ભરૂચ નેશનલ હાઈવે ઉપર કેબલ બ્રીજ પરથી ગાડીમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો મળી કુલ રૂ.૨.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા.

## દારૂનો જથ્થો મળી કુલ રૂ.૨.૫૧ લાખના મુદ્દામાલ સાથે ચાર શખ્સની અટકાયત

ભરૂચ જિલ્લા એલસીબીના સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈ અંકલેશ્વર થઈ ભરૂચ તરફ હાઈવે ઉપર જઈ રહી છે.જેવી બાતમીના આધારે પોલીસે કેબલ બ્રીજના બીજા ગાળામાં વોચ ગોઠવી હતી.

તે દરમિયાન બાતમી વાળી ગાડી આવતા પોલીસે તેને અટકાવી હતી. પોલીસે કારમાંથી વિદેશી દારૂની ૨૫૮ નંગ બોટલ અને કાર મળી કુલ રૂ.૨.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને પોલીસે વાલિયા તાલુકાના જબુગામના રોડ ફળીયામાં રહેતો બુટલેગર પ્રદિપભાઈ શંકરભાઈ વસાવા, વિજય ભાઈ રતીલાલ વસાવા અને રસીકભાઈ બાબુભાઈ બોબાત, હિતેષભાઈ ઈન્દ્રવદન વસાવાને ઝડપી પાડ્યા હતા.જ્યારે અન્ય એક બુટલેગરને વોન્ટેડ જાહેર કરાયો હતો.

**DATE: 20/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### બોરોસીલ કંપનીમાં તા.૧૭ મીના રોજ ચોરી થઈ હતી

# ઝઘડિયાની કંપનીમાં ચોરી કરવા આવેલા ચાર તસ્કરો ઝડપાયા

## પકડાયેલા ઈસમ પાસેથી રૂા.૨૧ હજારનો ચોરાયેલો મુદ્દામાલ મળ્યો

| ઝઘડિયા |

ઝઘડિયા તાલુકામાં મુખ્ય માર્ગ પર આવેલ બોરોસીલ નામની કંપનીમાં ચોરી કરવા આવેલ ઈસમો પૈકી એકને કંપનીના માણસોએ ચોરીના રૂા.૨૧૦૦૦ની કિંમતના સામાન સાથે પકડી લઈને પોલીસને હવાલે કર્યો હતો, જ્યારે અન્ય ચાર નાસી ગયેલ ઈસમો પૈકી ત્રણને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લીધા હતા.

આ અંગે ઝઘડિયા પોલીસમાંથી મળતી વિગતો અનુસાર બોરોસીલ કંપનીમાં તા.૧૭ મીના રોજ રાતના સાડા અગિયાર વાગ્યાના અરસામાં ચોરી કરવાના ઈરાદે કેટલાક ઈસમો ઘુસ્યા હોવાની જાણ કંપનીમાં ઈલેક્ટ્રિક વિભાગમાં કામ કરતા બે કામદારોએ ફરજ પરના સિક્યુરીટી ઓફિસરને કરી હતી. ત્યારબાદ કંપનીના માણસોએ ભેગા મળીને તપાસ કરતા ચોરી કરવા આવેલ ઈસમો પૈકી બીપીન દલપતભાઈ વસાવા રહે. ગામ ગુમાનપુરા તા.ઝઘડિયા જિ.ભરૂચ નામના ઈસમને પકડી લીધો હતો. આ ઈસમ પાસેથી કંપનીમાંથી ચોરી કરેલ કેબલ કોપર વાયરનો રૂ.૨૧૦૦૦ની કિંમતનો મુદ્દામાલ પણ મળી આવ્યો હતો. ઉપરાંત તેની સાથે મળીને કુલ પાંચ માણસો કંપનીમાં ચોરી કરવા આવ્યા હોવાનું તેણે જણાવ્યું હતું. આ પાંચ પૈકી ચાર ઈસમો નાસી ગયા હોવાનું જણાયું હતું. આ પકડાયેલ ઈસમને પોલીસને હવાલે કરાયો હતો.

કંપનીમાં ચોરી કરવાના ઈરાદે આવેલો આ પકડાયેલ એક ઈસમ સહિત કુલ પાંચ ઈસમો સામે કંપનીના ઈન્ચાર્જ સિનિયર સિક્યુરીટી ઓફિસર સુર્યાપ્રસાદ નંદપ્રસાદ ન્યુપને હાલ રહે.બોરોસીલ કંપનીની કોલોનીમાં અને મુળ રહે.નેપાળનાએ પોલીસમાં ફરિયાદ લખાવતા પોલીસે ફરિયાદ મુજબ બીપીન વસાવા, દિપક મનીશભાઈ વસાવા, જયંતી છનાભાઈ વસાવા, અલ્પેશ દિલિપભાઈ વસાવા તેમજ ભાવેશ કંચનભાઈ વસાવા તમામ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### હાંસોટ અને દીવા રોડ પર તંત્રના વાંકે પાણી ભરાતાં આક્રોશ

# અંકલેશ્વરમાં લોકો પાણીમાં ફસાતાં 20 જેટલી બોટ મંગાવવામાં આવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરની 56 જેટલી સોસાયટીમાં 13 થી 15 ફૂટ સુધી પાણી ફરી વળતા લોકોને કિંમતી વસ્તુઓ પણ બચાવવા કે સુરક્ષિત કરવાનો સમય મળ્યો ન હતો. લોકોએ પરિવારના બાળકો, મહિલાઓ, વૃદ્ધોને લઈ ઘરના ધાબે કે બીજા માળે શરણ લઈ લીધી હતી. ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર, મરીન, જિલ્લા પોલીસ, NDRF, SDRF ની ટીમો લોકોના રાહત બચાવ અને ફૂડ પેકેટ પોહચાડવા કામે લાગી ગઈ હતી. અંકલેશ્વરમાં 20 જેટલી લાઈફ સેવીયર બોટ ઉતારી તેમાં જિલ્લા કલેક્ટર તુષાર સુમેરા પણ જાતે સવાર થઈ લોકોની મદદ માટે ગયાં હતાં.

**DATE: 21/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### ભાદરવા મહિનાની પાંચમના દિવસે મેળાનો અનોખો મહિમા

# રાજપારડી ગામે આવેલા સારસા માતાના મંદિર પાસે મેળો ભરાયો

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા



ઝઘડીયા તાલુકાના રાજપારડી અને સારસા ગામ પાસે આવેલ સારસા ડુંગર ઈતિહાસીક શક્તિ પીઠ તરીકે ઓળખાય છે. ઝઘડીયા તાલુકાના રાજપારડી ગામ પાસે સારસા ડુંગર આવેલો છે. તે ડુંગર ઉપર માં સારસા માતાજી ગુફામાં પોતે બિરાજમાન થયાં છે. સારસા માતા ના દર્શન માટે ભાવિ ભક્તો દુરદુરથી આવે છે. ભાદરવા મહિનાની પાંચમનો મહિમાના કારણે દર વર્ષે મેળો ભરાય છે. રુષિ વિસામાનંદજીએ તપ કરતાં માં સારસા પ્રસન્ન થયાં હતાં તે દિવસથી માં સારસા માતાજીનો પરંપરાગત રીતે રુષિ પાંચનો મેળો ભરાય છે. આ મેળામાં દુરદુરથી ભાવિ ભક્તો માં સારસા માતાજીનાં દર્શન માટે ખુબ મોટી સંખ્યામાં ઉમટી પડી મેળો માણે છે. જેના કારણે કોઈ અનિચ્છનીય બનાવ નાં બને તે માટે રાજપારડી પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

DATE: 22/09/2023 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-02

### નેત્રંગ તાલુકાના કેલ્વી કુવા ગામે

# ખેતરના શેઢા પર ઉતારેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

નેત્રંગ,તા.૨૧

નેત્રંગ તાલુકાના કેલ્વીકુવા ગામની સીમના ખેતરમાંથી પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે મહિલા બુટલેગરને ઝડપી લીધી હતી. જ્યારે એક શખ્સ નાસી ગયો હતો.

નેત્રંગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પ્રેટોલિંગમાં હતો, તે સમયે કેલ્વીકુવા ગામની સીમમાં આવેલા એક ખેતરના શેઢા પર મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં આવ્યો હોવાની બાતમીના આધારે પોલીસે નેત્રંગ જીનબજાર, એપીએમસી સબયાર્ડવાળા રસ્તેથી બાતમીવાળી જગ્યાએ રેડ કરતાં ખેતરના શેઢા પાસેથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ રૂ.૩૯,૩૦૦ના મુદામાલ સાથે ગામની મહિલા બુટલેગર રમીલા દલસુખ વસાવાને ઝડપી લીધી હતીં. જ્યારે તેની સાથેનો અક શખ્સ નાસી ગયો હતો. પોલીસે છેલ્લા ૨૦ દિવસના સમયગાળામાં ૧૬ મહિલા સહિત ૩૭ બુટલેગરો સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# હરિપુરા ગામેથી 3 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના હરિપુરા ગામ નજીક ખેતરમાં પત્તાપાનાનો જુગાર રમતા ત્રણ ઈસમોને ઝડપી લેવાયાં છે. પીએસઆઇ એ.એન.ચૌધરીના માર્ગદર્શન હેઠળ હરિપુરા ગામે નવી વસાહતમાં જવાના રસ્તાની બાજુમાં આવેલ ખેતરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં જુગાર રમતાં ચંપક વસાવા, નવનીત વસાવા અને જગતદેવ વસાવાને ઝડપી લેવાયાં હતાં. તેમની પાસેથી 1,500 રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 23/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### ભરૂચ એસઓજીએ 2.26 લાખની મતા જપ્ત કરી

# અંકલેશ્વરના અંસાર માર્કેટ પાસે ભંગાર ભરેલો ટેમ્પો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંસાર માર્કેટ મદીના મસ્જિદ પાસે શંકાસ્પદ ભંગાર 880 કિલો જથ્થો ઝડપી પાડ્યો હતો. ટેમ્પો સાથે 2.26 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચાલકની ધરપકડ કરી વધુ પૂછપરછ આરંભી હતી.

ભરૂચ એસ.ઓ.જી પોલીસ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અંસાર માર્કેટ મદીના મસ્જિદ પાછળ નદીમ ભંગારીયાના ગોડાઉન ની બહાર બોલેરો પીક અપ ટેમ્પો વગર બિલ લઈ જવામાં આવી રહ્યો છે. જે માહિતી આધારે મદીના મસ્જિદ આગળ વોચ ગોઠવી હતી. જ્યાં બોલેરો ટેમ્પો આવતા તેને રોકી તલાસી લેતા અંદર ભંગાર નો વિપુલ જથ્થો જોવા મળ્યો હતો. જે જથ્થા અંગે ટેમ્પો ચાલક ચંદબાબુધીરાઉ સિદ્દિકી પાસે જરૂરી લોખંડ ભંગારનો બીલ તેમજ અઢાર પુરાવા માંગતા ગલ્લા-તલ્લાકરવા લાગ્યા હતા. જે અંગે ભંગાર નો જથ્થો છળકપટ થી મેળવ્યો હોવાની શંકા એ 880 કિલો લોખંડ ભંગાર નો જથ્થો સીઝ કર્યો હતો. પોલીસે 26.400 રૂપિયા નો ભંગાર તેમજ ટેમ્પો મળી કુ.2.26 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કરી સી.આર.પી.સી 41(1)ડી મુજબ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી વધુ તપાસ આરંભી હતી.

### એલસીબીએ મુલદ ટોલપ્લાઝા પાસે વોચ ગોઠવી

# દમણથી માંકણ દારૂ આપવા જતાં કારચાલકની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 પર ભરૂચ એલ.સી.બી ના પી.એસ.આઈ. પી.એમ વાળા તેમજ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે દમણ થી વડોદરા કરજણ તરફ સ્કોડા ફેબિયો ગાડીમાં દારૂ લઈ જવામાં આવી રહ્યો છે. જે આધારે પોલીસ માંડવા ટોલ પ્લાઝા પાસે વોચ ગોઠવી હતી.

દરમિયાનમાં માહિતી આધારિત કાર આવતા પોલીસે રોકી તેની તલાશી લેતા કારમાંથી દારૂનીનાની-મોટી 596 બોટલ મળી આવી હતી. દારૂ આપવા જઈ રહેલી કાર ચાલક જય ઉર્ફે રોકી હરીશ રાણા રહે દમણ ની ધરપકડ કરી હતી. પોલીસે કુલ 85700 રૂપિયા નો ઈંગ્લીશ દારૂનોજથ્થો 4 લાખ ની કાર તેમજ 25 હજાર ના 3 મોબાઈલ મળી કુલ 5.10 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ પોલીસે તેની પૂછપરછ હાથ ધરતાં તેણે કબુલ્યું હતું કે, દારૂનો જથ્થો નાની દમણ થી રાહુલ અને કાર્તિક દ્વારા ભરાવી આપ્યો હતો. જે બાદ તે વડોદરા કરજણના માંકણ ગામના સોયેબને પહોંચાડવાની કબૂલાત કરી હતી. જે આધારે પોલીસે ત્રણે ને વોન્ટેડ જાહેર કરી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કરી બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી પોલીસ ના હવાલે કર્યો હતો.

**DATE: 23/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### જ્યાં સુધી રોડની મરામત નહીં ત્યાં સુધી ટોલ નહીં આપવા મક્કમ

# ભરૂચ-દહેજનો માર્ગ અત્યંત બિસમાર બનતાં વાહન ચાલકોએ ચક્કાજામ કરી દેતાં દોડધામ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજમાં અનેક ઈન્ડસ્ટ્રીઝ આવેલી તેમાં રોજના હજારો કર્મચારીઓ નોકરી કરવા કંપનીની ખાનગી લકઝરી બસો અથવા અન્ય વાહનોમાં અવર જવર કરતાં હોય છે. પરંતુ દર વર્ષે ચોમાસા દરમિયાન આ માર્ગ ઉપર પડતા મસમોટા ખાડાઓ પડી જવાના કારણે વાહન ચાલકોને આ માર્ગ પરથી પસાર થવામાં ભારે મુશ્કેલીઓ તેમજ આર્થિક નુકશાની વેઠવી પડે છે. સાથે સાથે સમયનો પણ વેડફાટ થાય છે. વધુમાં કંપનીઓમાં જરૂરી માલસામાન તેમજ ઉત્પાદિત માલની હેરફેર માટે પણ ટ્રાન્સપોર્ટરોના અસંખ્ય વાહનો દરરોજ ભરૂચ-દહેજ વચ્ચે દોડતા હોય છે. પરંતુ માર્ગ અત્યંત બિસમાર હાલતમાં ફેરવાઈ જતા માર્ગમાં ઠેર-ઠેર ગાબડાઓ સર્જાતા વાહનચાલકોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. શુક્રવારના રોજ સવારે કેસરોલ નજીક આવેલાં ટોલપ્લાઝા પર પોતાના વાહનો થોભાવી દઈ ચક્કાજામ કર્યો હતો. દહેજ તરફ જતાં માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. જેના કારણે દહેજ તરફનો વાહનવ્યવહાર અવરોધાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, વાહનચાલકોએ જ્યાં સુધી રોડ નહિ બને ત્યાં સુધી ટોલની ઉઘરાણી પણ બંધ કરવાની માંગણી ઉચ્ચારી હતી. ચક્કાજામને કારણે વણસેલી સ્થિતિ અંગે જાણ થતાં ભરૂચ તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી મામલો થાળે પાડયો હતો.

### એક વ્યકિતના જન્મદિવસને ખાસ બનાવવા માનવસર્જિત પૂર આવ્યું હોવાથી લોકો વિફર્યા

# પૂરગ્રસ્ત વિસ્તારોમાં નેતાઓ સામે આક્રોશ વધતાં પોલીસ વિભાગે બેઠકોનો દોર શરૂ કર્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પૂર બાદ વણસેલી સ્થિતિ વચ્ચે અધિકારીઓ અને નેતાઓ પર જનતા આક્રોશ નો ભોગ બનતા અટકાવવા હવે પોલીસ મેદાન માં આવ્યા છે. અંકલેશ્વર શહેર એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસ દ્વારા સોસાયટી પ્રમુખ સહીત ગામે ગામ બેઠકનો દોર શરૂ કર્યો હતો.

તાજેતર માં નર્મદા નદીમાં આવેલા પૂર બાદ પૂર ના પાણી ઓસરતાં જ તંત્ર સામે લોકો રોષ ફાટી નીકળ્યો હતો. જેને લઇ પ્રભારી મંત્રી થી લઇ ધારાસભ્ય અને જિલ્લા કલેક્ટર થી લઇ એસ.ડી.એમ અને મામલતદાર. ચીફ ઓફિસર સહીત સરપંચ અને સભ્યો પ્રજા નો રોષનો ભોગ બની ધક્કે ચઢી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થા જણાવાઈ રહે અને



લોકો ની સમસ્યા નો પણ અંત આવે તે ઉદ્દેશ્ય સાથે અંકલેશ્વર ડી.વાય.એસ.પી ચિરાગ દેસાઈ અને શહેર પીઆઈ. આર.એસ. વાળા ની અધ્યક્ષતા ના અંકલેશ્વર શહેર પોલીસ મથકે વિવિધ સોસાયટી માં રહીશો અને આગેવાનો જોડે બેઠક યોજી હતી.

**DATE: 24/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# આંબાવાડી ગામે સટ્ટા બેટિંગનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

નેત્રંગ તા,૨૩

નેત્રંગ તાલુકાના આંબાખાડી ગામે થી પોલીસે સટ્ટા બેટિંગનો આંક ફરકનો જુગાર રમાડતા એક શખ્સને રૂ.૪૮૭૦ અને આંકડા લખેલ કાગળ બોલપેન સહિ ઝડપી લીધો હતો.

## મુખ્ય સૂત્રધાર વોન્ટેડ જાહેર કરી મુદ્દામાલ કબજે લીધો

ગતરોજ નેત્રંગ પોલીસ સ્ટેશન નો સ્ટાફ થવા આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમાં હતો.તે સમય દરમ્યાન બાતમી મુજબ આંબાખાડી ગામે ખાડી ટેકરા ફળીયા ખાતે રહેતો સુનિલ પિચા વસાવા એક દુકાનની આગળના ભાગે બેસી આંક ફરકના આંકડાનો જુગાર રમાડે છે.પોલીસે રેડ કરતા દુકાનના આગળના ભાગે બેસી એક ઈસમ કંઈક લખતો હતો.

બે શખ્સ કંઈક લખાવતા હતા.જે પોલીસને જોઈ નાશી ગયા હતા.પકડાયેલા ઈસમનું નામ સુનિલ પિચા વસાવા હોવાની જાણ થઈ હતી.પોલીસે ઘટના સ્થળે થી રૂ ૪૮૭૦ અને વિવિધ આંકડા લખેલા કાગળ બોલપેન સહિતનો મુદામાલ કબ્જે લઈ શખ્સ ઝડપી લઈ પુછપરછ કરતા જાણવા મળ્યુ હતુ કેનાના જાબુંડા ખાતે રહેતો રોશન બિદો વસાવાના કહેવાથી આંકડા લખતો હોવાનુ જણાવેલું હતુ.જે હકીકત આધારે બંને વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારના અડ્ડા ખુલ્લેઆમ ધમધમી રહ્યા હોવાને લઈ પોલીસે સપ્ટેમ્બર માસના ૨૨ દિવસના સમય ગાળામા જુગાર ધારા અધિનિયમ એક્ટ હેઠળ ૨૯,૬૦૦નો મુદામાલ જપ્ત કરી ૧૭ ઈસમો સામે કાર્યવાહી કરી છે.

fincare ફિનકેર સ્મો
Small Finance Bank " બેંકીંગ ક્ષેત્રે ઉજ્જ
પંચમહાલ જીલ્લા માટે નીચે
બેક ઓફીસ એક્ઝીક્યુટીવ
◆ ઉંમર ૨૦ થી ૩૩ વર્ષ ◆ ગ્રેજ્યુએટ